# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધોઃ- પરિપત્ર ક્રમાંકઃ આકૃયુ/રજી/એડીએમ-૩/મંજૂરી/૬૮૬૫/૧૪, તા.૧૦-૦૯-૨૦૧૪

## !! પરિપત્ર !!

ખરીદી દરખાસ્ત સંદર્ભે વંચાણે લીધેલ પરિપત્રથી સૂચનાઓ જારી કરવામાં આવેલ છે. પરંતુ ખરીદીની દરખાસ્તો મંજૂરી અર્થે મૂકવામાં આવે છે ત્યારે અવાર-નવાર ક્ષતિઓ જણાતી હોવાનુ માલૂમ પડેલ છે. જેથી ખરીદી દરખાસ્ત પત્રકમાં સંપૂર્ણ વિગતો તથા ખરીદી અંગેના પૂરતા અને વ્યાજબી કારણો જણાવીને તેની સાથે સાધનિક પત્રો તથા અસલ ભાવપત્રકો સહિત ખરીદી દરખાસ્ત રજૂ કરવા પુનઃ જણાવવામાં આવે છે.

વધુમાં, સ્ટેચ્યુટ એસ-૧૨૧ ની આઇટમ નં.૪૫ તથા ૭૫ માં સૈદ્ધાંતિક મંજૂરી માટે નીચેના આવશ્યક ખર્ચનો સમાવેશ કરવાનો રહે છે.

| | |
|---|---|
| આઇટમ નં.૪૫ | પેટ્રોલ/ડીઝલ/ઓઇલ જેવા થનાર આવશ્યક ખર્ચ |
| આઇટમ નં.૭૫ | વીજવપરાશ, ટેલિફોન/મોબાઇલ, ગેસ બીલ, સીક્યુરીટી, વાહન વીમા, ઝેરોક્ષ મશીન માટે કરેલ પી.સી.એ.નુ માસિક બીલ, પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગ, રીસો મશીન ઇન્ક કાર્ટીઝ/માસ્ટર રોલ, મીટીંગમાં થતો રીફ્રેશમેન્ટ ખર્ચ, કચેરીના ટપાલ ખર્ચ |

ઉપરોક્ત ખર્ચ સિવાય અન્ય ખર્ચનો સૈદ્ધાંતિક મંજૂરી માટે સમાવેશ કરવાનો રહેતો નથી. પરંતુ અન્ય ખર્ચ માટે નિયમોનુસારની કાર્યવાહી કરી દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવાની રહે છે.

સ્ટેચ્યુટરી જોગવાઇ અનુસાર મળેલ નાણાંકીય સત્તા-મર્યાદા પૂર્ણ થયા બાદ જ જ્યાં માન.કુલપતિશ્રીની મંજૂરી/સૈદ્ધાંતિક મંજૂરી મેળવવાની થતી હોઇ ત્યારે જ અત્રેની કચેરીએ દરખાસ્ત મોકલવાની રહે છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી જારી કરવામાં આવે છે. જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.આકૃયુ/રજી/એડીએમ-૩/મંજૂરી/ 6234 /૧૫
તા. 5-૦૬-૨૦૧૫

કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.

(૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૩) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ એએયુની વેબસાઇટ પર મૂકવા સારૂ.